સ. મ. પ્રે. ગાં. (એચ) ૩૫—૪,૦૦૦—૪—૮૨.

**વળતર રજા બાબત**

ગુજરાત સરકાર,

**સામાન્ય વહીવટ વિભાગ**

પરિપત્ર ક્રમાંક: ઓએફટી-૧૦૮૦-૧૪૯૬-ધ,

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી માર્ચ, ૧૯૮૨.

**વંચાણમાં લીધા:—** (૧) ભૂતપૂર્વ મુંબઈ રાજ્યના ઠરાવ ક્રમાંક: પી-૧૩-૨બી, તા. ૧૬-૧-૧૯૫૮.
(૨) ભૂતપૂર્વ મુંબઈ રાજ્યના પરિપત્ર ક્રમાંક: પી-૧૩-૨-બી, તા. ૨૭-૭-૧૯૫૯.
(૩) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક-ઓએફટી-૧૦૬૪-૩૬૭-ધ, તા. ૨૪-૭-૧૯૬૪
(૪) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: ઓએફટી-૧૦૬૭-૩૮૮૯-ધ, તા. ૧૪-૧૨-૧૯૬૭.
(૫) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક : ઓએફટી-૧૦૬૯-૭૩૫-ધ, તા. ૨૦-૯-૧૯૬૯.
(૬) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક : ઓએફટી-૧૦૭૦-૩૪૫-ધ, તા. ૧૯-૬-૭૦.
(૭) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક : પીએચડી-૧૦૭૬-ધ, તા. ૫-૧૧-૭૬.
(૮) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: ઓએફટી-૧૦૮૦-૭૦૦-ધ, તા. ૯-૯-૮૦.

## પરિપત્ર

ભૂતપૂર્વ મુંબઈ રાજ્યના રાજકીય અને સેવા ખાતાના તારીખ ૧૬મી જાન્યુઆરી ૧૯૫૮ના ઠરાવ ક્રમાંક પી-૧૩-II-બી ના પેરેગ્રાફ ચારથી વિહીત થયા પ્રમાણે જે સરકારી કર્મચારીએ જાહેર રજાના દિવસે કચેરીમાં ફરજ પર હાજર રહેવાનું થાય તો તેમને આ રીતની ફરજના બદલામાં બીજા દિવસની વળતર રજા શકય હોય ત્યારે આપવાની થાય છે. આ રીતે જાહેર રજામાં સરકારી કર્મચારીને જ્યારે ફરજ ઉપર બોલાવવામાં આવે ત્યારે તેમને બીજી વળતર રજા આપવા બાબતમાં સચિવાલયના વિભાગો અને કચેરીઓમાં જુદી જુદી પધ્ધતિઓ અનુસરવામાં આવતી હોવાનું જણાતાં વળતર રજા આપવા બાબતે એક સૂત્રતા જળવાય તે બાબતે નીચે પ્રમાણેની સુચનાઓનો અમલ થાય તેવુ ઠરાવવામાં આવે છે:—

૧. ભૂતપૂર્વ મુંબઈ રાજ્યના રાજકીય અને સેવા ખાતાના પરિપત્ર ક્રમાંક પી-૧૩-II-બી, તા. ૨૭મી જુલાઈ, ૧૯૫૯માં આંશિક સુધારો કરીને પરિપત્રની શરત ક્રમાંક ૧ ને બદલે નીચે પ્રમાણેની શરત મુકવામાં આવે છે :—

(૧) મુંબઈ મુલ્કી સેવા નિયમોના નિયમ ૬૩૦ ની શરતોને અધિન રહીને નિયમિત રજા, પરચુરણ કે અન્ય જાહેર તહેવારની રજાઓ સાથે વળતર રજાને આગળ પાછળની રજા તરીકે જોડી શકાય.

(૨) કોઈપણ કર્મચારી રજા દરમિયાન કચેરીમાં આખા દિવસના ૩½ (સાડા ત્રણ) કલાક કે તેથી ઓછા સમય માટે પણ બે કલાકથી ઓછી નહિ તેટલી હાજરી આપે તો તેમને અડધા દિવસની વળતર રજા મંજૂર કરવી. તે સમયથી વધારે સમય હાજર રહે કે જે સમય પાંચ કલાકથી ઓછો હોવો જોઈએ નહિ તો આખા દિવસની વળતર રજા મંજૂર કરવી.

(૩) વળતર રજાના હુકમો રાજ્યપત્રિત અધિકારીઓને લાગુ પડશે નહિ.

(૪) એકી સાથે ફકત એક જ વળતર રજા આપી શકાશે.

(૫) સરકારી કામકાજ માટે જે કર્મચારીને મુખ્ય મથકની બહાર પ્રવાસ પર મોકલવામાં આવ્યા હોય અને પ્રવાસ દરમિયાન રજા કે રજાઓમાં તેમણે ત્યાં કામગીરી બજાવી હોય તે માટે આવા કર્મચારીઓ વળતર રજાને પાત્ર થશે નહિ.

(૬) વૈકલ્પિક રજાને પણ નિયમિત રજા, પરચુરણ રજા કે અન્ય રજાઓની સાથે આગળ પાછળની રજાઓના અનુસંધાનમાં જોડી શકાશે.

(૭) વળતર રજા ફકત જે તે કેલેન્ડર વર્ષમાં ભોગવવાની રહે છે અને નવુ કેલેન્ડર વર્ષ શરૂ થતા બાકી રહેલી રજાઓ આપોઆપ વિલય (Lapse) થયેલી ગણવાની રહેશે.

આ હુકમો આ અંગેના આમુખમાં બતાવેલા તમામ પરિપત્રોની સુચનાઓને સંલિત કરીને બહાર પાડવામાં આવે છે અને તે અંગેની નાણાં વિભાગની સંમતિ સંબંધિત ફાઈલ ઉપર મેળવવામાં આવેલ હતી તે હવે આ હુકમો હાલ પ્રવર્તતા સર્વે હુકમોની જગ્યાએ અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિ. ચં. અંતાણી,
ઉપ-સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર,
મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,
બધા મંત્રીશ્રીઓ અને રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી,
બધા નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર,
*રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ,
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા પંચ, અમદાવાદ,
*સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ સચિવાલય, ગાંધીનગર,
સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર,
સચિવાલયના સર્વે વિભાગો( વધારાની ૨૦ નકલો સહિત),
સર્વે ખાતા અને કચેરીઓના વડાઓ,
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ,

*(પત્ર દ્વારા)